<u>પૂરક નોંધ</u>

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૦૩/૪૯૯

માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા)

(૧) નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૩૫૬/૧૯૯૪ કે. ક્રિષ્ણામૂર્તિ વિ. ભારત સરકારના કેસમાં આપેલ તા.૧૧/૦૫/૨૦૧૦નો ચૂકાદો , રીટ પીટીશન (સિવિલ) નં. ૯૮૦/૨૦૧૯ વિકાસ કિશનરાવ ગવલી વિ. મહારાષ્ટ્ર રાજ્ય તથા અન્યના કેસમાં આપેલ તા.૦૪/૦૩/૨૦૨૧નો ચૂકાદો , નામ. સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ લીવ પીટીશન ટુ અપીલ (સિવિલ) નં. ૧૯૭૫૬/૨૦૨૧ રાહુલ રમેશ વાઘ વિ. મહારાષ્ટ્ર સરકારના કેસમાં આપેલ તા.૧૭/૧૨/૨૦૨૧નો ચૂકાદો, નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૨૭૮/૨૦૨૨ સુરેશ મહાજન વિ. મધ્યપ્રદેશ સરકારના કેસમાં આપેલ તા.૧૦/૦૫/૨૦૨૨નો ચૂકાદાના સંદર્ભમાં નામ. સુપ્રીમ કોર્ટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અન્ય પછાત વર્ગો માટે બેઠકો અનામત રાખવા બાબતે “ટ્રીપલ ટેસ્ટ”ની કાર્યવાહી કરવા નિર્દેશ આપેલ છે. જે મુજબ રાજ્યની અંદર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે પછાતપણાના સ્વરૂપ અને અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વક તપાસ કરવા માટે એક સમર્પિત આયોગની સ્થાપના કરવા નિર્દેશ આપેલ છે. આ ટ્રીપલ ટેસ્ટની જોગવાઈ નીચે મુજબ છે.

- To set up a dedicated Commission to conduct contemporaneous rigorous empirical inquiry into the nature and implications of the backwardness qua local bodies, within the State

- To specify the proportion of reservation required to be provisioned local body-wise in light of recommendations of the Commission, so as not to fall foul of over breadth; and
- In any case such reservation shall not exceed aggregate of 50 per cent of the total seats reserved in favour of SCs/STs/OBCs taken together.

(૨) આમ , મુદ્દા નંબર:૦૧ ના અનુસંધાને આ વિભાગ દ્વારા તા.૦૮/૦૭/૨૦૨૨ના ઠરાવ તથા તા.૧૨/૦૭/૨૦૨૨ના સુધારા ઠરાવથી નામ. હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયધીશશ્રી કે.એસ. ઝવેરીના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની રચના કરવામાં આવેલ છે. વધુમાં આ વિભાગના તા. ૧૧/૦૭/૨૦૨૨ ના ઠરાવથી સમર્પિત આયોગમાં સભ્યોની નિમણૂક કરવામાં આવેલ છે. સમર્પિત આયોગના અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ તેમજ સભ્ય સચિવશ્રીની યાદી નીચે મુજબ છે.

- ચેરમેન: શ્રી કે. એસ. ઝવેરી, નામ. હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયધીશ
- સભ્ય:- શ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવ
- સભ્ય:- શ્રી વી. બી. ઠાકોર, નિવૃત્ત નાયબ સચિવ
- સભ્ય:- શ્રી આઈ. એસ. પટેલ, નિવૃત્ત અધિક કલેક્ટર
- સભ્ય સચિવ:- શ્રી જી. એન. નાચીયા, નિવૃત્ત અધિક ક્લેક્ટર

(3) અત્રે ઉલ્લેખનીય છે કે , આ વિભાગના તા. ૧૨/૦૭/૨૦૨૨ ના ઠરાવથી સમર્પિત આયોગના ટર્મ્સ ઑફ રેફરન્સ નક્કી કરવામાં આવેલ છે. સદર ઠરાવના મુદ્દા નંબર:-(૧) ના પેટા મુદ્દા નંબર (૪) મુજબ સમર્પિત આયોગનો કાર્યકાળ રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધી

રહેશે. તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં , આ ઠરાવના મુદ્દા નંબર:-(૫) મુજબ આયોગે ૯૦ દિવસમાં અહેવાલ રાજ્ય સરકારને સોંપવાનો રહેશે તે પ્રમાણેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૪) આયોગે ૯૦ દિવસની મુદ્દતમાં અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરવાનો રહેશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ આ નવરચિત આયોગે નામ.કોર્ટના નિર્દેશ મુજબ, રાજ્યની ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (તમામ ગ્રામ પંચાયતો , તાલુકા પંચાયતો તથા જિલ્લા પંચાયતો) અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અન્ય પછાત વર્ગો માટેની વસતીના આંકડાકીય માહિતી મેળવી તેનું પૃથ્થકરણ કરી , તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બેઠકો આરક્ષિત કરવાની કામગીરી કરવાની થતી હોઈ આ કામગીરી ચોકસાઈ , સમય માંગી લે તેવી તેમજ સંવેદનશીલ હોવાના કારણે સમર્પિત આયોગની માંગણી મુજબ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૨ , તા.૧૦/૧૧/૨૦૨૨, તા.૦૯/૦૧/૨૦૨૩ તથા તા.૧૪/૦૨/૨૦૨૩ ના ઠરાવથી મુદ્દતમાં વધારો કરવામાં આવેલ છે.

(૫) આ વિભાગના તા. ૧૫/૦૭/૨૦૨૨ ના ઠરાવથી સમર્પિત આયોગની બેઠક વ્યવસ્થા , માન.અધ્યક્ષશ્રીને વાહન ફાળવણી તેમજ મહેકમ ફાળવવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. અત્રે નોંધવું રહ્યુ કે , અન્ય પછાત વર્ગો માટેનું પંચનો સ્ટાફ તેમજ તમામ મશિનરી કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે સમર્પિત આયોગના હવાલે મુકવામાં આવેલ છે. વધુમા, આયોગની કામગીરી ધ્યાને લઈ તેઓની જરૂરિયાત મુજબના અધિકારીશ્રીઓ અન્ય વિભાગોમાંથી (મહેસૂલ , પંચાયત, સામાન્ય વહીવટ વિભાગ , વિજ્ઞાન અને પ્રદ્યોગિકિ વિભાગ, નાણા વિભાગ) લોન સેવા પર સમર્પિત આયોગમાં સેવા અર્થે ફાળવવામાં આવેલ છે.

(૬) આમ , સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ દ્વારા તા.૧૩/૦૪/૨૦૨૩ ના રોજ આ અંગેનો અહેવાલ માન. મુખ્યમંત્રીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

(૭) સમર્પિત આયોગ દ્વારા સોંપવામાં આવેલ અહેવાલની ચકાસણી તથા અહેવાલનો વિસ્તૃત અભ્યાસ અનુક્રમે પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે કરવાનો રહે છે. તેમજ અહેવાલનો સ્વીકાર કરવાની વિચારણા તેમજ અહેવાલ સ્વીકાર કર્યા બાદ આનુષાંગિક કાર્યવાહી પણ ઉક્ત વિભાગ દ્વારા જ કરવાની હોવાથી મુખ્યસચિવશ્રીની મંજૂરી મેળવીને સમર્પિત આયોગ દ્વારા સુપ્રરત કરવામાં આવેલ અહેવાલ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલી ભલામણો પરત્વે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

<u>અત્રે ઉલ્લેખનીય છે કે, માન. ધારાસભ્યશ્રી દરા ઉક્ત પ્રશ્ન તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિ એ પૂછેલ છે. આથી સમર્પિત આયોગના અહેવાલ પરત્વે આ તારીખ પછી થયેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.</u>

૧. પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ફાઈલ ક્રમાંક:- PRHRDD/GRT/E-FILE/14/2023/2215/Section G પરના માન. મુખ્યમંત્રીશ્રીના આદેશ અન્વયે આ વિભાગના તા.૨૧/૦૮/૨૦૨૩ ના ઠરાવથી માન. મંત્રીશ્રી રૂષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો નક્કી કરવા

માટે રચાયેલ સમર્પિત આયોગ દ્વારા સોંપવામાં આવેલ અહેવાલનો વધુ અભ્યાસ કરવાના હેતુસર કેબિનેટ સબ કમિટીની રચના કરવામાં આવેલ હતી.

૨. સદર કમિટીની તા.૨૩/૦૮/૨૦૨૩ ની કાર્યવાહી નોંધમાં દર્શાવ્યા મુજબ કેબિનેટ સબ કમિટી દ્વારા સમર્પિત આયોગના અહેવાલની મુખ્ય ભલામણો પરત્વે પુખ્ત વિચારણા કર્યા બાદ નીચે મુજબની મુખ્ય ભલામણો કેબિનેટ સમક્ષ મૂકવા સૂચન કરેલ હતું.

- ગ્રામીણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (ગ્રામ પંચાયત , તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત) તેમજ શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (નગરપાલિકા અને મહાનગરપાલિકા) માં અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિના સમુદાયના લોકોને મળનાર હાલના પ્રતિનિધિત્વમાં સમર્પિત આયોગ દ્વારા કોઇ જ ફેરફાર કરવામાં આવેલ નથી, તે બાબતની કેબિનેટ સબ કમિટી દ્વારા નોંધ લેવામાં આવી તેમજ તે બાબતે સંમતિ દર્શાવવામાં આવી.
- ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે જિલ્લા પંચાયતો , તાલુકા પંચાયતો તેમજ ગ્રામ પંચાયતોમાં , શિડ્યુલ (અનુસૂચિત) વિસ્તારો અને પેસા એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે તે સિવાયના વિસ્તારોમાં વોર્ડ/બેઠક માટે અને હોદ્દાઓ (પ્રમુખશ્રીઓ/સરપંચશ્રીઓ) અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી.) માટે ૨૭% અનામત (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે બેઠકો/હોદ્દાઓ ૫૦% ની મર્યાદામાં) રાખવા માટે કમિટીની ભલામણ છે.
- શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકા વિસ્તારોમાં પણ વોર્ડ/બેઠક અને હોદ્દાઓ માટે (પ્રમુખશ્રીઓ/મેયરશ્રીઓ) માટે અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી.) માટે ૨૭% અનામત (અનુસૂચિત જાતિ ,

અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે બેઠકો/હોદ્દાઓ ૫૦% ની મર્યાદામાં) માટે કમિટીની ભલામણ છે.

- બિન અનુસૂચિત વિસ્તારોની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિને (ST) અનુસૂચિત વિસ્તાર/પેસા એક્ટની જોગવાઇઓ મુજબ અનામત બેઠકો ફાળવવામાં આવેલ છે. જેમાં હાલની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ (ST) માટે જે પ્રતિનિધિત્વ સંસ્થાવાર અમલમાં છે , તેનો અમલ યથાવત રાખવા ભલામણ કરે છે.
- સમર્પિત આયોગ દ્વારા રજૂ કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાવાર આંકડાકીય માહિતીનું અવલોકન કરતા સમગ્ર રાજ્યની ગ્રામીણ અને શહેરી વિસ્તારની તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સંસ્થાવાર હાલની ૧૦%ની નીતિ અનુરુપ અન્ય પછાત વર્ગોના ફાળે બેઠકો ફાળવાયેલ છે , પરંતુ સમર્પિત આયોગ દ્વારા અન્ય પછાત વર્ગોને ( OBC) બેઠકોની ફાળવણીની ભલામણ કરતા પેસા વિસ્તાર અને નોન-પેસા વિસ્તારમાં કેટલીક સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો રદ્દ થઇ જાય છે. તેવી સંસ્થાઓમાં ( a) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૯,૧૦,૧૧ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૬ તેમજ આ અધિનિયમોમાં થયેલ વખતો-વખતના સુધારા-વધારા અનુસાર અન્ય પછાત વર્ગોને (OBC) અગાઉની ૧૦% નીતિ મુજબ ફાળવેલ આરક્ષિત બેઠકો યથાવત રાખવા કમિટી ભલામણ કરે છે. (મહાનગરપાલિકાઓમાં આ પ્રમાણેની પરિસ્થિતિ ઉદ્દભવેલ નથી.)

૩. કેબિનેટ સબ કમિટી દ્વારા કરવામાં આવેલ મુખ્ય ભલામણો મંત્રીમંડળની વિચારણા માટે કેબિનેટ નોંધ સ્વરૂપે રજૂ કરવા માન. મુખ્યમંત્રીશ્રીની સૈધ્ધાંતિક મંજૂરી મેળ વી ઉક્ત બાબત તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ કેબિનેટ સમક્ષ રજૂ કરવા અત્રેથી સામાન્ય વહીવટ વિભાગની કેબિનેટ યુનિટને મોકલી આપેલ હતી.

૪. અત્રે એ બાબત નોંધનીય છે કે , કેબિનેટ સબ કમિટી દ્વારા સૂચવામાં આવેલ મુખ્ય ભલામણો બાબતે પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે આનુષાંગિક તમામ કાર્યવાહી કરવાની રહે છે.

૫. કેબિનેટ યુનિટ , સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪ /૦૯/૨૦૨૩ પત્રથી મંત્રીમંડળ દ્વારા આ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલ દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ છે. આથી , કેબિનેટ યુનિટનો મંત્રીમંડળની મંજૂરી દર્શાવતો તા.૦૪/૦૯/૨૦૨૩ નો પત્ર સંબંધિત વિભાગોને મોકલી આપેલ છે તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ફાઈલ ક્રમાંક:- PRHRDD/GRT/E-FILE/14/2023/2215/Section G જરૂરી વિગતો સહ આગળની તમામ આનુષાંગિક કાર્યવાહી સારૂ પંચાયત વિભાગને પરત કરવામાં આવેલ છે.

# પ્રાયોરીટી-૩૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૦૩/૪૯૯

## પૂરક પ્રશ્નો

પ્રશ્ન પૂછનાર: માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા)

વિગત-સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે આયોગ

---

પ્રશ્ન-૧ સમર્પિત આયોગની રચના કરવાનો હેતુ શું છે?

જવાબ:- નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૩૫૬/૧૯૯૪ કે. ક્રિષ્ણામૂર્તિ વિ. ભારત સરકારના કેસમાં આપેલ તા.૧૧/૦૫/૨૦૧૦નો ચૂકાદો , રીટ પીટીશન (સિવિલ) નં. ૯૮૦/૨૦૧૯ વિકાસ કિશનરાવ ગવલી વિ. મહારાષ્ટ્ર રાજ્ય તથા અન્યના કેસમાં આપેલ તા.૦૪/૦૩/૨૦૨૧નો ચૂકાદો, નામ. સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ લીવ પીટીશન ટુ અપીલ (સિવિલ) નં. ૧૯૭૫૬/૨૦૨૧ રાહુલ રમેશ વાઘ વિ. મહારાષ્ટ્ર સરકારના કેસમાં આપેલ તા.૧૭/૧૨/૨૦૨૧નો ચૂકાદો , નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૨૭૮/૨૦૨૨ સુરેશ મહાજન વિ. મધ્યપ્રદેશ સરકારના કેસમાં આપેલ તા.૧૦/૦૫/૨૦૨૨નો ચૂકાદાના સંદર્ભમાં નામ. સુપ્રીમ કોર્ટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અન્ય પછાત વર્ગો માટે બેઠકો અનામત રાખવા બાબતે “ટ્રીપલ ટેસ્ટ”ની કાર્યવાહી કરવા નિર્દેશ આપેલ છે. જે મુજબ રાજ્યની અંદર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે પછાતપણાના સ્વરૂપ અને અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વક તપાસ કરવા માટે એક સમર્પિત આયોગની સ્થાપના કરવા નિર્દેશ આપેલ છે.

પ્રશ્ન-૨  સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગે સોંપવાના અહેવાલની મુદ્દતમાં ક્યારે કેટ કેટલો વધારો કરવામાં આવેલ છે?

જવાબ:  સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૨/૦૭/૨૦૨૨ ના ઠરાવથી સમર્પિત આયોગના ટર્મ્સ ઑફ રેફરન્સ નક્કી કરવામાં આવેલ છે. સદર ઠરાવના મુદ્દા નંબર:-(૧) મુજબ સમર્પિત આયોગનો કાર્યકાળ રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધી રહેશે તેમજ મુદ્દા નંબર:-(૫) મુજબ આયોગે ૯૦ દિવસમાં અહેવાલ રાજ્ય સરકારને સોંપવાનો રહેશે તે પ્રમાણેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.   આથી આયોગની અહેવાલ સોંપવાની મુદ્દતમાં   અત્રેથી તા.૦૭/૧૦/૨૦૨૨, તા.૧૦/૧૧/૨૦૨૨,  તા.૦૯/૦૧/૨૦૨૩ તથા તા.૧૪/૦૨/૨૦૨૩ ના ઠરાવથી મુદ્દતમાં વધારો કરવામાં આવેલ છે.

પ્રશ્ન:-૩ સમર્પિત આયોગ દ્વારા સોંપવામાં આવેલ અહેવાલની ભલામણો અન્વયે શી-શી કાર્યવાહી કરવામાં આવેલ છે અને તેનો અમલ ક્યારે કરવામાં આવશે?

જવાબ:- સમર્પિત આયોગ દ્વારા સોંપવામાં આવેલ અહેવાલની ચકાસણી તથા અહેવાલનો વિસ્તૃત અભ્યાસ અનુક્રમે પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. તેમજ અહેવાલનો સ્વીકાર કરવાની વિચારણા તેમજ અહેવાલ સ્વીકાર કર્યા બાદ આનુષાંગિક કાર્યવાહી પણ ઉક્ત વિભાગ દ્વારા જ કરવાની હોવાથી વિભાગ દ્વારા સમર્પિત આયોગ દ્વારા સુપ્રત કરવામાં આવેલ અહેવાલ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલી ભલામણો પરત્વે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ હતું. ત્યારબાદ સમર્પિત આયોગે સોંપેલ અહેવાલના વધુ અભ્યાસ કરવાના હેતુસર આ વિભાગના તા.૨૧/૦૮/૨૦૨૩ ના ઠરાવથી માન. મંત્રીશ્રી રૂષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કેબિનેટ સબ કમિટીની રચના કરવામાં આવેલ હતી. અહેવાલ પરત્વે સરકારશ્રી દ્વારા રચવામાં આવેલ સબ કમિટીએ કરેલ ભલામણો મંત્રીમંડળ દ્વારા મંજૂર રાખવામાં આવેલ છે. ઉક્ત નિર્ણય પરત્વે સંબંધિત વિભાગો દ્વારા જરૂરી આનુષાંગિક વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યેથી અમલ અંગે વિચારણા હાથ ધરવામાં આવશે.